




**ધનસુરા વી.એચ.પી. - બજરંગ દળે નવાઝ શરીફના પુતળાનું દહન કરી ઉરી આતંકવાદી ઘટનાનો વિરોધ દર્શાવ્યો**

ભારત માતાકીની રક્ષા કાજે સદાય તત્પર રહેતા ભારતીય જવાનોના ઉરી બેઝકેમ્પ પર હુમલો કરી ૧૮ ભારતીય સૈનિકોને આતંકવાદીઓએ મારી નાખતા ૧૮ વીર જવાન શહીદોને અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર શ્રદ્ધાંજલિ આપી પાકિસ્તાનના આ આતંકવાદી નાપાક હરકતને જુદા જુદા સ્વરૂપે વિરોધ નોંધાવી પ્રદર્શનો યોજી રહ્યા છે. ધનસુરા શહેરમાં ભારતના ૧૮ શહીદ જવાનોને યાદ કરી વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ દ્વારા પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કરી નવાઝ શરીફના પુતળાની નનામી કાઢી મુખ્ય બજારમાં નનામી ફેરવી પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કરી નવાઝ શરીપના પૂતળાને ધનસુરા ચાર રસ્તા ખાતે પુતળા દહન નનામી સાથે સળગાવી સમગ્ર ધનસુરાની જનતા અને વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના સભ્યોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુનો અજગરી ભરડો

અરવલ્લી, તા. ૨૪
અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુ નામની બિમારીએ હાહાકાર મચાવતા જિલ્લામાં ડેન્ગ્યુ નામની બિમારીથી માલપુરના ખેતાવાડાના એક વ્યક્તિનું મોત અને ધનસુરા તાલુકાના રમોસ ગામની એક મહિલાનું મોત નિપજતા જિલ્લામાં ડેન્ગ્યુ વધુ બે ને ભરખી જતા ડેન્ગ્યુથી મોત નિપજવાનો કુલ આંક ૪ પર પહોંચતા જિલ્લાના પ્રજાજનો સામાન્ય તાવ આવતા પણ ફફડી ઉઠે છે. જિલ્લામાં ધીરે ધીરે એક પછી એક ડેન્ગ્યુના કેસો મળી રહ્યા છે. જિલ્લાના સરકારી દવાખાના સહીત ખાનગી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય તંત્રની કુંભકર્ણ નીંદ સામે રોષ વ્યાપ્યો હતો.



પરીવારજનોના ઘરે સર્વે કરી સંતોષ વ્યક્ત કરાતા જિલ્લા આરોગ્યતંત્રની નિષ્ક્રિય કામગીરી સામે અનેક સવાલો પેદા થયા છે. જિલ્લામાં ઘેર ઘેર બીમારીમાં સપડાયેલા દર્દીઓ છતાં તંત્ર ઘોર

## ડેન્ગ્યુ વધુ બે વ્યક્તિઓને ભરખી જતા જિલ્લામાં ૪ વ્યક્તિઓના મોત

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગની લાલીયાવાડીના લીધે તાવના દર્દીઓ ઘટવાના બદલે દિન પ્રતિદિન નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. અરવલ્લી જિલ્લામાં ૨૫ શંકાસ્પદ ડેન્ગ્યુના દર્દીઓ મળી આવવાની સાથે ડેન્ગ્યુની મહામારીની ઝપટમાં ૪ વ્યક્તિઓના મોત નિપજતા જિલ્લાવાસીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ત્યારે આરોગ્ય વિભાગ ડેન્ગ્યુ નામની બિમારીમાં સપડાયેલા નિંદ્રાની હાલતમાં જોવા મળી રહ્યું છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ખેતાવાડામાં એકનું ડેન્ગ્યુથી મોત નિપજ્યુ હતુ તેમજ ધનસુરા તાલુકાના રમોસ ગામની મહિલા વર્ષાબેન દિનેશભાઈ પટેલ (ઉં.વ.૪૧)ને સામાન્ય તાવના લક્ષણો જણાતા પ્રાથમિક સારવાર લીધા પછી તાવની તીવ્રતામાં વધારો થતો હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા ખાનગી હોસ્પિટલના તબીબને ડેન્ગ્યુના લક્ષણો જણાતા એનએસ-૧ નામનું લોહીનુ પરીક્ષણ લેબોરેટરીમાં કરાવતા પોઝેટીવ આવતા તબીબે સઘન સારવાર હાથ ધરવા છતા મહિલાની તબીયતમાં સુધારો ન જણાતા તબીબે મહિલાના પરિવારજનોને તાબડતોડ અમદાવાદ એપોલો હોસ્પિટલમાં ખસેડવાનું જણાવતા મહિલાને અમદાવાદ એપોલો હોસ્પિટલમાં ખસેડવા છતા તબીયત વધુ લથડતા મહિલા ડેન્ગ્યુ નામની બિમારી સામે હારી જતા શુક્રવારે સાંજના સુમારે મહિલાનુ અકાળે મોત નિપજતા ધનસુરા પંથકમાં હાહાકાર મચી ગયો હતો.



## મોડાસા ખાતે ઓપન હાઉસ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૪
ઓપન હાઉસ કાર્યક્રમમાં મહેસુલમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, સેટલમેન્ટ કમિશનર ગાંધીનગર, સંયુક્ત સચિવ ગાંધીનગર, સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ ગાંધીનગર, રાહત કમિશનર મહેસુલ સચિવશ્રી, ગાંધીનગર, જિલ્લા કલેક્ટરશ્રી, નાયબ કલેક્ટરશ્રી, પ્રાંત ધિકારી બાયડ, પ્રાંત અધિકારી મોડાસા, નયાબ કલેક્ટર શ્રીમતી કોમલબેન, નાયબ કલેક્ટર શ્રીમતી રીટાબેન પંડ્યા, અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, શામળભાઈ પટેલ, મોડાસા નગરપાલિકા પ્રમુખ, માજી ધારાસભ્ય દિલીપસિંહ પરમાર તમામ પદાધિકારીઓ તેમજ મોડાસા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જિલ્લા કલેક્ટરે જણાવ્યુંહતું કે આજે અરવલ્લી જિલ્લા માટે અનેરો પ્રસંગ છે. તેમણે કહ્યું હતું કે મંત્રી સાથે મહેસુલી ટીમ અરવલ્લી ખાતે પધારેલ છે.જેના કારણે આજે આપણે ટાઉનહોલ ખાતે ઓપન હાઉસ કાર્યક્રમ રાખેલ છે. લોકોના પ્રશ્નોનો ઝડપી નિકાલ થાય તે માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. તેમજ પ્રજાને ઝડપથી લાભો મળે તેવુ કલેક્ટરશ્રીએ જણાવ્યું હતુ કે ૧૭૯ જેટલા વહીવટી કામગીરી પ્રશ્નો હલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લા પંચાયતના નવીન મકાન માટે જમીન આપવામાં આવી. જિલ્લા પોલીસ અધિક્ષકને મકાન માટે જમીન ફાળવવામાં આવી, પોલીસ લાઈનના મકાનો માટે જમીન આપવામાં આવી, રહેઠાણ માટેના પ્લોટોની જમીન, ન્યાયાલયના મકાન માટે જમીન ફાળવી આપી તેમજ સૈક્ષણિક સંસ્થા આર્ટસ કોલેજ માટે પણ જમીનની ફાળવણી કરવામાં આવી છે.



**મોડાસાના પત્રકારોએ શહિદોને અંજલિ આપી**

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ઈલેક્ટ્રોનીક મીડીયા અને પ્રીન્ટ મીડીયાના પત્રકાર મીત્રોએ મોડાસા સર્કીટહાઉસમાં ભેગા મળીને ઉરી પ્રાંતમાં આતંકવાદી હુમલામાં ભોગ બનેલા ૧૮ વીર શહીદોની આત્માને શાંતિ પ્રભુ અર્પે તે માટે શોકસભાનું આયોજન કરી ફૂલહારથી શ્રદ્ધાંજલિ આપી હતી તેમજ તમામ પત્રકાર મિત્રોએ તેમજ પ્રમુખ નરેન્દ્રભાઈ દ્વારા આતંકવાદની નાપાક હરકતને શાંખી નહિ લેવા તેમજ આતંકવાદી પ્રવૃત્તિને કડક શબ્દોમાં વખોડી કાઢી હતી.



**શામળાજી રતનપુર ચેક પોસ્ટ નજીકથી ૩૫ લાખનો વિદેશી દારૂ પકડાયો**

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલ રતનપુર ચેકપોસ્ટ પાસેથી શામળાજી પોલીસ અને અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે રાજસ્થાન તરફથી આવતી ટ્રક (ગાડી નં. આરજે.જીબી.૧૧૮૫)ને અટકાવી તલાશી લેતા ટ્રકમાં તાડપત્રીને નીચે સંતાડેલો વિદેશી દારૂની ૬૪૭ પેટીઓ કિંમત રૂ. ૩૫ લાખનો ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂ ઝડપી પાડી એક શખ્સને દબોચી લઈ ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ મળી કુલ ૪૫ લાખ રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. આ સમગ્ર મામલે આરોપીની પૂછપરછ કરતા રાજસ્થાનના બ્યાવરથી રમેશ નામના બુટલેગરે ટ્રકમાં દારૂ ભરી આપી આ વિદેશી દારૂ ગુજરાતના મોરબી શહેરમાં એક બુટલેગરને પહોંચાડવાનો હોવાનું જણાવ્યું હતું. બન્ને પોલીસ અધિકારીઓએ મોરબી કોને દારૂ પહોંચાડવાનો હતો તે દિશામાં ઝીણવટભરી તપાસ હાથ ધરી તે અજાણ્યા શખ્સને દબોચી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## રેંજ ડીઆઈજી ફરિયાદ મામલામાં ડીવાયએસપીને તપાસ સોંપાઈ

હિંમતનગર, તા. ૨૪
સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા અને વડાલી પોલીસ સ્ટેશનમાં નોધાયેલ પટેલ પરિવારની સામસામે નોધાયેલ શારીરિક માનસિક ત્રાસ અને દહેજની ફરિયાદ નોધાઇ હતી જે તપાસ ઈડર ડીવાયએસપીને સોપવામાં આવી છે.

આ અંગેની વિગત એવી છે કે ખેડબ્રહ્માના રોધરા ગામના સંગીતાબેન પટેલે વડાલીમાં રહેતા સચિવ ઈશ્વરભાઈ પટેલ સહીત નવ સાસરીયા વિરુદ્ધ ફરિયાદ ગત ૭ સપ્ટેમ્બરે નોધા હતી તો બીજી તરફ વડાલીની હિરલ પટેલે રોધરાના અને રાજકોટના રેંજ આઈજી ડાહ્યાભાઈ પટેલ અને માણસાના નાયબ મામલતદાર રોહિત પટેલ સહીત સાત સાસરીયા વિરુદ્ધ ૨૨ સપ્ટેમ્બરે ફરિયાદ નોધાઈ હતી. આ બંને પરિવારમાં સાટા પદ્ધતિમાં વર્ષ ૨૦૧૧માં ભાઈ બહેનના સામ સામે જ્ઞાતિના રીતીરીવાજ લગ્ન થયા હતા અને લગ્નના બે વર્ષ બાદ લગ્ન જીવનમાં કંકાસ થયા બાદ દહેજની માંગણી કરી ત્રાસ આપતા હતા બંને પરિવારે સામસામે ફરિયાદ નોધાવી છે. જે તપાસ જીલ્લા પોલીસ વડા પ્રવિણ માલે શુક્રવારે રાત્રે ઈડર ડીવાયએસએપી તેજલ પટેલને સોપી હતી.

## તલોદમાં કોંગ્રેસ દ્વારા શહિદોને શ્રદ્ધાંજલિ

તલોદ, તા. ૨૪
ભારતીય સરહદ નજીક આવેલ ઉરીમાં સેનાના મુખ્ય મથક ઉપર પાકિસ્તાનમાંથી ગુસી આવેલા આતંકવાદીઓએ કરેલા હૂમલામાં કુલ ૧૮ જવાનો શહિદ થયા હતા. જેના પ્રત્યાઘાત સ્વરૂપે દેશભરમાં પાકિસ્તાન વિરૂદ્ધમાં આક્રોશ ભભુકી ઉઠયો છે. તલોદમાં કોંગ્રેસ દ્વારા આજરોજ માતાજીના ચોકમાં દેશ માટે શહિદી વોહરનાર શહિદોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

તલોદ પ્રાંતિજ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાનીમાં કોંગ્રેસના તાલુકા પ્રમુખ મંગુભા ઝાલા, તલોદ પાલિકા પૂર્વ પ્રમુખ રંગુસિંહ સોલંકી, તાલુકા પંચાયત અધ્યક્ષ કેદારસિંહ, તાલુકા પંચાયત સદસ્ય અમરસિંહ ઝાલા, પૂર્વ ડે. સરપંચ ડી.કે. ઝાલા, કોંગ્રેસ કાર્યકરો, કોલેજના વિદ્યાર્થીઓ તથા તલોદના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહિ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. શહિદોના માનમાં મીણબત્તી પ્રગટાવી, પ્રભુ પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે કોંગ્રેસના અગ્રણીઓએ કેન્દ્ર સરકારને ધ્યાને રાખી જણાવ્યું હતું કે ડાયલોગબાજી બંધ કરી એક્શન લઈ પરિણામક કાર્યવાહિ કરવા માંગ કરી હતી. વધુમાં હાજર સૌ કોઈએ શહિદો અમર રહો ભારત માતાકી જય, જય હિંદ જેવા દેશપ્રેમના સૂત્રોચ્ચાર કર્યા હતા.




પડોશી દેશ પાકિસ્તાન પ્રત્યે ભારતના દરેક નાગરીકમાં હવે જ્વાળામુખી ભભુકી રહ્યો છે. ત્યારે સરહદોની અને દેશની રક્ષા કરતા જવાનોના બલીદાન હવે બંધ થવા જોઈએ અને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવો જોઈએ તેવું આજના આ કાર્યક્રમમાં હાજર સૌ કોઈના મુખે સંભળાતુ હતુ. દેશ માટે પક્ષા પક્ષીથી દૂર રહી દુશ્મનોના દાંત ખાંટા કરવા સમસ્ત ભારતના નાગરીકો એક છે તેવી પ્રતિતિ આતંકવાદી દેશ પાકિસ્તાનને કરાવા કોંગ્રેસ પણ પૂર્ણ સહકારની ખાત્રી આપે છે તેવું આ સભામાં જણાવ્યું હતું.

### અમીરગઢના મોટા કરજા ગામે દલિત સગર્ભા મહિલા પર હૂમલો

ગુજરાતમાં આજે વધુ એકવાર એક દલિત પરિવારને મૃત પશુ ઉપાડવાના મુદ્દે પરિવારને માર મારતા સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં હલચલ સર્જાવા પામી છે તેમજ પોલીસ મથકે પણ ૬ સામે ફરિયાદ નોંધાતા પોલીસ પણ આરોપીઓને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠાના અમીરગઢ તાલુકાના મોટા કરજા ગામે ગતરોજ મૃત પશુ ઉપાડવાના મુદ્દે ૬ જેટલા ઈસમોએ સ્થાનિક દલિત પરિવારના ઘરમાં ઘુસીને મારામારી કરતા આજે અમીરગઢ પોલીસ મથકે આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. અમીરગઢ તાલુકાના મોટા કરજા ગામે સવિતાબેન રણાવાસીયા સહીતના પરિવાર પર સ્થાનિક ઠાકોર યુવકો દ્વારા મૃત પશુ ન ઉપાડવાના મુદ્દે મૂઢ માર મરાતા આજે પીડિત યુવતીને પાલનપુર ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ છે.

એક તરફ ઉના દલિત મામલો હજુ શાંત પડ્યો નથી ત્યાં આજે બનાસકાંઠાના અમીરગઢમાં પણ દલિત પર માર મારવાનો બનાવ બનતા સમગ્ર જીલ્લામાં ખળભળાટ સર્જાવા પામ્યો છે. અમીરગઢમાં મોટા કરજા ગામે એક સાથે ૬ થી વધુ ઠાકોર યુવકો દ્વારા માર મારાતા આજે પરિવાજનોએ પણ આરોપીઓ સામે ઠોસ પગલા ભરવા માંગ કરી છે. એક તરફ હાલમાં દલિતો પ્રત્યે સરકાર સહીત સંસ્થાઓ દ્વારા સામાજિક ભેદભાવ મિટાવવાની હાકલ કરાઈ છે તેવા સમયે આજે વધુ એક દલિત મહિલાને માર મરાયો છે.

# મેઘરજના નાની ભુવાલ ગામની ૧૭ વર્ષીય સગીરાનું અપહરણ

મેઘરજ, તા. ૨૩
મેઘરજ તાલુકાના નાની ભુવાલ ગામની સગીરાનું ગામની નવસારીમાંથી ગામના જ ઈસમોએ અપહરણ કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ગત તા. ૧૭-૯-૧૬ના રોજ બપોરના બે વાગ્યાના અરસામાં ભોગ બનનાર સગીરા અને તેના કાકાની દિકરી બંને ગામની નવસારીમાં પોતાના બકરા ચારવા ગઈ હતી તે અરસામાં ગામના જ બે ઈસમો જવાત સંજય બાબુ અને જવાત અનિલ કાવા આ બંને ત્યાં આવેલા અને સગીરા સાથે વાતો કરી ત્યાંથી સગીરાને ભગાડી લઈ ગયા હતા. આ અંગેની જાણ નવસારીમાં બકરા ચારવા ગયેલ સગીરાના કાકાની દિકરીએ સગીરાના પિતાને જણાવ્યું હતું અને વધુમાં જણાવ્યું હતું કે સંજય બાબુ જવાત અવાર નવાર સગીરા ઉપર નજર રાખતો હતો. જેથી સગીરાના પિતા તેમજ પરિવારજનો સગીરાને શોધવા નવસારીમાં ગયા હતા પરંતુ સગીરાની કોઈ ભાળ ન મળતા અંતે સગીરાના પિતા આરોપી સંજય બાબુ જવાતના ઘરે ગયા હતા અને મારી દિકરીને તમારો દિકરો ભગાડી ગયો છે જેવી વાત કરતાં આરોપીના પરિવારજનોએ સંતોષકારક જવાબ ન આપતા સગીરાના પિતાએ ગામ લોકોને ભેગા કરી સગીરાના અપહરણની વાત કરતાં આરોપી સંજયના પિતાએ બે દિવસમાં સગીરાને પોતાના પિતાને સોંપવાની વાત કરી હતી પરંતુ બે દિવસ બાદ પણ સગીરાની કોઈ ભાળ ન મળતાં અંતે સગીરાના પિતાએ મેઘરજ પોલીસ સ્ટેશને ગામના બે ઈસમો જવાત સંજય બાબુ અને અપહરણમાં મદદગારી કરનાર જવાત અનિલ કાવા બંને રહે. નાનીભુવાલ સામે ફરિયાદ નોંધાવતા મેઘરજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી.કે. બારોટે બંને આરોપીઓ સામે અપહરણ અને પોક્સો એક્ટ મુજબ ફરિયાદ નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.